Thursday
08.01.2026
✳Volume :10 ✳ Issue No.181
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

## जीवेत शरदः शतम्

RNI No.:GUJGUJ/2016/73451
કમલમ્

માર્ગદર્શક,સરળ વ્યક્તિત્વ,
જેમનું જીવન સતત પ્રેરણા સ્ત્રોત છે
તેવા માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી

## શ્રી હર્ષભાઈ સંઘવી

ને જન્મદિવસ પર વંદન સહ
"કમલમ્" દૈનિક-અખબાર વતી



## જન્મ દિવસની સ્નેહસભર શુભકામનાઓ



**મહેશ એન. પટેલ**
કમલમ્ તંત્રી (મો.૯૮૨૪૯ ૧૦૬૦૬)
"કમલમ્" દૈનિક-અખબાર

@kamalam_gujarat
kamalamgujarat
kamalamgujarat@gmail.com
www.kamalamgujarat.com

## તંત્રી સ્થાનેથી......

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર રાજ્યના તમામ શહેરી વિસ્તારોમાં દૈનિક પાણી પુરવઠો અને સલામત પીવાના પાણીની સમાન પહોંચ સુનિશ્ચિત કરીને રાજ્યને ટકાઉ શહેરી જળ વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય મોડેલ તરીકે સ્થાપિત કરવાની નેમ રાખે છે. આ જ ઉદ્દેશ્યથી શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ દરમિયાન રાજ્યના શહેરી વિસ્તારોના જળ સંસાધનોમાં 92.97 MLDનો અને ટ્રાન્સમિશન સિસ્ટમ્સમાં ૫૨૮. ૩૫ કિમીનો વધારો કરવામાં આવ્યો છે. વધુમાં, મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ રાજ્યના તમામ શહેરી વિસ્તારોમાં દૈનિક ધોરણે પાણી પુરવઠો પહોંચાડવા માટે ‘મિશન ડેઈલી વૉટર સપ્લાય’ જેવી પહેલ અમલી કરવામાં આવી રહી છે. મિશન ડેઈલી વૉટર સપ્લાય હેઠળ રાજ્ય સરકાર વિવિધ વૉટર સપ્લાય અને સેનિટેશન સંબંધિત પ્રોજેક્ટ્સ/પહેલો હાથ ધરવા માટે શહેરી સ્થાનિક સંસ્થાઓને સહાય પૂરી પાડે છે. ઉલ્લેખનીય છે કે, વર્લ્ડ ક્લાસ સિટી ડેવલપમેન્ટને વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા ૨૦૨૫નું વર્ષ ‘શહેરી વિકાસ વર્ષ’ તરીકે જાહેર કરવામાં આવ્યું છે, અને આ વર્ષ દરમિયાન રાજ્ય સરકાર શહેરી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. હાલ રાજ્યના ૧૦૩ શહેરોમાં દૈનિક ધોરણે પાણી પુરવઠો પહોંચે છે ઉલ્લેખનીય છે કે, હાલ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને પહેલો હેઠળ ગુજરાતના ૧૦૩ શહેરોમાં દૈનિક ધોરણે પાણી પુરવઠો પહોચાડવામાં આવી રહ્યો છે. બાકી રહેલા શહેરો પૈકી ૩૦ શહેરોમાં વિવિધ યોજનાઓ હેઠળ પાણી પુરવઠાનાં કામો પ્રગતિ હેઠળ છે. રાજ્યની બાકીની ૩૨ સ્થાનિક સંસ્થાઓમાં દૈનિક ધોરણે પાણી પુરવઠો મળી રહે તે માટે મિશન ડેઈલી વૉટર સપ્લાય લાગુ કરવામાં આવી રહ્યું છે, જે હેઠળ વિવિધ ઘટકો માટેનાં કામોનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરી વિસ્તારોમાં પાણીના સમાન વિતરણ અને અન્ય જળ સંસાધન સંબંધિત સેવાઓનું ડિજિટલ મોનિટરિંગ કરવા માટે મુખ્ય મહાનગરોમાં SCADA સિસ્ટમ સફળતાપૂર્વક લાગુ કરવામાં આવી છે. આ સિસ્ટમ લીક ડિટેક્શન, લો પ્રેશર પોકેટ, NRW (નોન-રેવેન્યુ વૉટર)માં ઘટાડો, જરૂરી દબાણ સાથે માથાદીઠ પુરવઠામાં સુધારો, જરૂરી પમ્પિંગ કાર્યક્ષમતા સાથે પમ્પિંગ સ્ટેશનનું નિરીક્ષણ, વાલ્વ મોનિટરિંગ વગેરેમાં મદદ કરે છે. આ સિસ્ટમને કારણે નોન રેવેન્યુ વૉટરને લીધે થતા નુકસાનમાં ઘટાડો થયો છે, તેમજ પાણીના સમાન વિતરણ અને અન્ય જળ સંસાધન સેવાઓનું રિયલ-ટાઈમ મોનિટરિંગ શક્ય બન્યું છે. ડેઈલી વૉટર સપ્લાય મિશન તેમજ પાણી પુરવઠા સંબંધિત અન્ય યોજનાઓ અને પહેલોના અમલીકરણ થકી સામાન્ય લોકોને દરરોજ પીવાલાયક પાણી મળી રહેશે, જેનાથી લાંબા સમયગાળા માટે પાણીનો સંગ્રહ કરવાની જરૂર રહેશે નહીં. દરરોજ પીવાનું પાણી મળી રહેવાથી પાણીના અન્ય સ્ત્રોતો પરની નિર્ભરતા પણ ઘટશે. શહેરોના સુગઠિત અને આયોજનપૂર્વકના વિકાસથી શહેરોમાં વસતા નાગરિકો ‘ઈઝ ઓફ લિવિંગ’ નો અનુભવ પ્રદાન કરવા માટે રાજ્ય સરકારનો શહેરી વિકાસ વિભાગ પ્રતિબદ્ધ છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર શહેરમાં ટાઈફોઈડના રોગચાળાના કારણે સર્જાયેલી સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા માટે ઉચ્ચસ્તરીય બેઠક યોજી

## ગાંધીનગર સહિત રાજ્યના શહેરી ક્ષેત્રોમાં પીવાના પાણીના સેમ્પલ દરરોજ લઈ તેની યોગ્યતા અને ક્લોરિનેશનના રિપોર્ટ્સ મેળવ્યા પછી જ પાણી વિતરણ વ્યવસ્થા થાય: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર શહેરમાં ટાઈફોઈડના રોગચાળાના કારણે સર્જાયેલી સ્થિતિમાં મહાનગરપાલિકા અને રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સંયુક્તપણે લેવાઈ રહેલા દર્દીઓની સારવાર, રોગ નિયંત્રણ અને નિવારણ માટેના પગલાઓ વધુ સઘન બનાવવા માટેના સૂચનો ઉચ્ચ સ્તરીય સર્વગ્રાહી સમીક્ષા બેઠકમાં કર્યા હતા. ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનરશ્રીએ આ રોગચાળાના નિયંત્રણ માટે મહાનગરપાલિકા દ્વારાઆરોગ્ય વિભાગના સંકલનમાં રહીને થઈ રહેલી કામગીરીની વિગતો મુખ્યમંત્રીશ્રીને આ બેઠકમાં આપતા કહ્યું કે, હવે કેસોમાં ઉત્તરોત્તર ઘટાડો જોવા મળી રહ્યો છે. મહાનગરપાલિકા દ્વારા ૮૫ સર્વે ટીમબનાવીને૧ લાખ ૫૮ હજારથી વધુ લોકોનું સર્વેલન્સ કરવામાં આવ્યું છે.ક્લોરિનટેબલેટ્સઅનેઓઆરએસ પેકેટ પણ પૂરતા પ્રમાણમાં વિતરણ કરવામાં આવ્યાં છે. લીકેજીસના રિપેરીંગ કામ અગ્રતાના ધોરણે હાથ ધરાયા છે તેમજ તમામ પાણીના સ્ત્રોતોમાં સુપર ક્લોરિનેશન પણ કરવામાંઆવ્યુ છે.



મુખ્યમંત્રીશ્રીએ પાણીજન્ય રાગચાળો ફેલાતો અટકાવવાના સઘન ઉપાયરૂપે ગાંધીનગર સહિત રાજ્યના શહેરી ક્ષેત્રોમાં પીવાના પાણીના સેમ્પલ દરરોજ લઈ તેની યોગ્યતા અને કલોરિનેશનના રિપોર્ટ્સ મેળવ્યા પછી જ પાણી વિતરણ વ્યવસ્થા થાય તે માટેના સ્પષ્ટ દિશાનિર્દેશો આપ્યા હતા.

### મુખ્યમંત્રીશ્રીએ દર્દીઓની સારવાર, રોગ નિયંત્રણ અને નિવારણ માટેના પગલાઓ વધુ સઘન બનાવવાના દિશાનિર્દેશો આપ્યાં

મુખ્યમંત્રીશ્રીએ હાલ પાઈપલાઈન અંગેના જે કામો પ્રગતિમાં છે, તેની ફિલ્ડ વિઝિટ કરીને ગુણવત્તા અને ચોકસાઈ સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. તેમણે વોટર ટેસ્ટીંગનો વ્યાપ વધારવા અને લીકેજીસ તાત્કાલિક ધોરણે અટકાવવાના પગલાઓ લેવા તાકીદ કરી હતી. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી વિડીયો કોન્ફરન્સ મારફતે તથા આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનો, મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, પાણી પુરવઠા અને શહેરી વિકાસના અગ્ર સચિવશ્રીઓ, મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે, શહેરી ક્ષેત્રના આરોગ્ય કમિશનર શ્રી ડૉ. રતનકંવર ગઢવીચારણ અને ગાંધીનગરના મ્યુનિસિપલ કમિશનર, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી તેમજ આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ અને તબીબો આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

# ખંઢેરી સ્ટેડિયમમાં આતંકી હુમલો, ચેતક કમાન્ડોએ ગણતરીની મિનિટોમાં આતંકીઓને કર્યા ઠાર

## કાળી સ્પોર્ટ્સ કારમાં ઘસી આવેલા હથિયારધારીઓએ ૩ મજૂરોને બનાવ્યા બંધક





કમલમ્,રાજકોટ

રાજકોટના જામનગર રોડ પર આવેલા નિરંજન શાહ ખંઢેરી ક્રિકેટ સ્ટેડિયમમાં આજે સવારના સમયે અફરાતફરી મચી ગઈ જ્યારે એક કાળા રંગની સ્પોર્ટ્સ કાર પૂરઝડપે સ્ટેડિયમમાં ઘૂસી આવી હતી. કારમાં સવાર ચાર હથિયારધારી શખ્સોએ સ્ટેડિયમમાં કામ કરી રહેલા ત્રણ મજૂરોને બંદૂકની અણીએ બંધક બનાવી લેતા સમગ્ર વિસ્તારમાં સન્નાટો વ્યાપી ગયો હતો. આતંકીઓએ ૧૦૦ કરોડ રૂપિયાની રોકડ રકમ અને કચ્છ બોર્ડરથી પાકિસ્તાન જવામાટે હેલિકોપ્ટરની માંગણી કરતા પોલીસ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી અને વાતાવરણ અત્યંત તંગ બની ગયું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને તુરંત જ ’ચેતક કમાન્ડો’ની ટુકડી અને રાજકોટ ગ્રામ્ય પોલીસની ટીમોએ સ્ટેડિયમને ચારેય તરફથી ઘેરી લીધું હતું. હવામાં થયેલા ધડાકાના અવાજો અને એમ્બ્યુલન્સની સાયરનો વચ્ચે કમાન્ડોએ અત્યંત ચપળતાથી સ્ટેડિયમમાં પ્રવેશ કરી ઓપરેશન શરૂ કર્યું હતું. આ દરમિયાન વહીવટી તંત્રના રૂરલ પ્રાંત અધિકારી, મામલતદાર સહિત પીજીવીસીએલ, ફાયર ફાઈટર અને મેડિકલ ઈમરજન્સીની ટીમો પણ ઘટનાસ્થળે ખડેપગે તૈનાત થઈ ગઈ હતી. કલાકો સુધી ચાલેલી આ ખેંચતાણ બાદ સુરક્ષા દળોએ વ્યૂહરચના ગોઠવી આતંકીઓને ઠાર માર્યા હતા અને બંધકોને સુરક્ષિત રીતે છોડાવ્યા હતા. ઓપરેશનના અંતે સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું હતું કે, આ કોઈ વાસ્તવિક આતંકી હુમલો નહોતો પરંતુ સુરક્ષા સજ્જતા ચકાસવા માટે આયોજિત એક ‘મોકડ્રીલ’ હતી. રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ ડ્રીલનો મુખ્ય ઉદ્દેશ્ય કટોકટીના સમયે વિવિધ વિભાગો વચ્ચેનું સંકલન ચકાસવાનો હતો. આ સફળ ઓપરેશનમાં ચેતક કમાન્ડોના ડીવાયએસપી શ્રી ડી.વી. ગોહિલ, રાજકોટ ગ્રામ્ય ડીવાયએસપી શ્રી વિક્રમ વ્યાસ તથા શ્રી કે.જી.ઝાલા સહિતના ઉચ્ચ અધિકારીઓએ નેતૃત્વ પૂરું પાડ્યું હતું. આ સમગ્ર કવાયતમાં વહીવટી તંત્ર તરફથી ગ્રામ્ય પ્રાંત અધિકારી શ્રી વિમલ ચક્રવર્તી અને પડધરી મામલતદાર શ્રી કેતન સખીયા તેમજ પોલીસ વિભાગના અધિકારીઓમાં ચેતક કમાન્ડો ઓબ્ઝર્વર શ્રી ધવલ પટેલ, પડધરી પી.આઈ શ્રી એસ.એન. પરમાર, પી.એસ.આઈ. શ્રી પી.એમ. ચાવડા, શ્રી એચ.સી. ગોહિલ, QRT શ્રી એ.બી. ચૌધરી, શ્રી જે. જે. વાળા અને SOG શ્રી પી.વી. મિશ્રાએ મહત્વની ભૂમિકા ભજવી હતી. તદુપરાંત બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, ફાયર બ્રિગેડ અને આરોગ્ય વિભાગની ટીમોએ પરસ્પર સંકલનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. અંતે આ મોકડ્રીલ સફળતાપૂર્વક પૂર્ણ થતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

# પશુપાલન એક સ્વતંત્ર વ્યવસાય તરીકે ઉભરી આવતા આજે યુવાનો અને શિક્ષિત લોકો પણ પશુપાલન વ્યવસાય તરફ વળ્યા: રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારા

## રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાએ વિજેતા બનેલા ૫૬૫ શ્રેષ્ઠ પશુપાલકોને કુલ રૂ. ૯૧ લાખથી વધુની પ્રોત્સાહક રાશિના ચેક અર્પણ કરાયા







## રાજ્યમાં રૂ. ૭.૨૪ કરોડના ખર્ચે નવનિર્મિત પશુ દવાખાનાઓ-પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોનું મંત્રીશ્રીના હસ્તે ઈ-લોકાર્પણ કરાયું

કમલમ્,

ગાંધીનગર ખાતે પશુપાલન રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારાની અધ્યક્ષતામાં “શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર વિતરણ સમારોહ ૨૦૨૫-૨૬” યોજાયો હતો. આ સમારોહ દરમિયાન શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર યોજના હેઠળ રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમ મેળવનાર જૂનાગઢના પશુપાલક શ્રી અરજણભાઈ ઓડેદરા, દ્વિતીય ક્રમે સુરતના પશુપાલક શ્રી ખંડુભાઈ પટેલ તથા તૃતીય ક્રમે મોરબીના પશુપાલક શ્રી પ્રવિણભાઈ પટેલને પશુપાલન રાજ્ય મંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓને ક્રમશઃ રૂ. ૧,૦૦,૦૦૦, રૂ. ૫૧,૦૦૦ અને રૂ. ૩૧,૦૦૦ની પ્રોત્સાહક રાશિના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, જિલ્લા કક્ષાએ પ્રથમ અને દ્વિતીય ક્રમે પસંદગી પામેલા પશુપાલકોને ક્રમશઃ રૂ. ૨૫,૦૦૦ અને રૂ. ૨૦,૦૦૦ તેમજ તાલુકા કક્ષાએ પ્રથમ અને દ્વિતીય ક્રમે પસંદગી પામેલા પશુપાલકોને ક્રમશઃ રૂ. ૨૦,૦૦૦ અને રૂ. ૧૦,૦૦૦ની પ્રોત્સાહક રાશિના ચેક એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાના મળીને રાજ્યના કુલ ૫૬૫ શ્રેષ્ઠ પશુપાલકોનું સન્માન કરીને તેઓને કુલ રૂ. ૯૧ લાખથી વધુની પ્રોત્સાહક રાશિ આપવામાં આવી હતી. વધુમાં, મંત્રીશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે પશુપાલન વિભાગની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય તેમજ મંજૂરી હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તદુપરાંત, મંત્રીશ્રીએ રૂ. ૭.૨૪ કરોડના ખર્ચે નવનિર્મિત પશુ દવાખાનાઓ અને પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોનું ઈ-લોકાર્પણ કર્યું હતું. કાર્યક્રમના અંતે ‘દાણ સહાય યોજના’ હેઠળ રાજ્યમાં ગાભણ-વિયાણ થયેલા પશુઓ માટે દાણ ભરેલા વાહનોને લીલી ઝંડી આપીને મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ દાણ વિતરણનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે પશુપાલન રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારાએ જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિમાં કૃષિ અને પશુપાલન વ્યવસાયને સવર્શ્રેષ્ઠ માનવામાં આવ્યા છે. કૃષિ ક્ષેત્ર પ્રકૃતિને કોઈ પણ નુકસાન પહોંચાડ્યા વગર અન્ન પૂરું પાડે છે, જ્યારે પશુપાલન ક્ષેત્ર ગૌમાતાની સેવા સાથે પૌષ્ટિક આહાર સમાન દૂધ અને ખેતર માટે છાણીયું ખાતર પૂરું પાડે છે. જેના પરિણામે આજે અનેક યુવાનો અને નિવૃત્ત થયેલા શિક્ષિત લોકો પણ પશુપાલન વ્યવસાય તરફ વળ્યા છે. આજે પશુપાલન પૂરક વ્યવસાયને બદલે સ્વતંત્ર વ્યવસાય તરીકે ઉભરી આવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના “વિકસિત ભારત જ ૨૦૪૭”ના વિઝનને સાકાર કરવામાં પશુપાલન અને ડેરી ક્ષેત્ર મહત્વપૂર્ણ ફાળો આપી શકે છે. આ સંભાવનાઓને ઉજાગર કરવા તેમજ પશુપાલકોને તમામ સહાય પૂરી પાડવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર હરહંમેશ સંકલ્પબદ્ધ છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ પશુપાલનમાં મહિલાઓના યોગદાનને બિરદાવ્યું હતું અને સફળ પશુપાલક મહિલાઓને અન્ય મહિલાઓ માટે પ્રેરણારૂપ બનવા આહ્વાન કર્યું હતું. આ ઉપરાંત, મંત્રીશ્રીએ ગાયોના મળ-મૂત્રનો યોગ્ય ઉપયોગ કરી પ્રાકૃતિક ખેતી અપનાવવા તેમજ દરેક દીકરીને લગ્નમાં ગાયનું દાન (ગૌ-દાન) આપવા માટે પણ સૌને અનુરોધ કર્યો હતો. માણસાના ધારાસભ્ય શ્રી જયંતિભાઈ પટેલે વિજેતા પશુપાલકોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, પશુપાલન એ એવો વ્યવસાય છે જેમાં સ્ત્રીઓ પણ પુરુષ સમોવડી થઈને ખભેથી ખભો મિલાવી કામ કરી રહી છે. સ્ત્રીઓ પરિવારના સભ્યોની જેમ જ પશુઓની સારસંભાળ રાખે છે, જેના કારણે આ ક્ષેત્ર ઝડપથી વિકાસ પામી રહ્યું છે. ધારાસભ્યશ્રીએ આ તકે પ્રાકૃતિક કૃષિની હિમાયત કરતા જણાવ્યું હતું કે, દરેક ખેડૂતે પોતાના પરિવાર માટે ખેતરના એક નાના ભાગમાં રસાયણમુક્ત પ્રાકૃતિક ખેતી કરવી જોઈએ. આ કાર્યક્રમમાં પશુપાલન વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અરુણકુમાર સોલંકીએ પ્રાસંગિક ઉદબોધન કરી ગુજરાતના પશુપાલન ક્ષેત્રનું ચિત્ર રજૂ કર્યું હતું અને સરકારની વિવિધ પહેલો અંગે માહિતી આપી હતી. કાર્યક્રમના પ્રારંભે પશુપાલન નિયામકશ્રીએ સૌનું સ્વાગત કરી કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. આ સમારોહમાં ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ, સંયુક્ત પશુપાલન નિયામક ડૉ. કિરણ વસાવા સહિતના અધિકારીઓ, પશુ ચિકિત્સકો અને મોટી સંખ્યામાં પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વદેશીની સાથે મહિલા સશક્તીકરણને ઉજાગર કરતા ‘સશક્ત નારી મેળા’

## રાજ્યભરના ૩૧ જિલ્લાઓમાં ‘સશક્ત નારી મેળા’ દ્વારા રૂ. ૪ કરોડથી વધુ કિંમતના સ્વદેશી ઉત્પાદનોનું વેચાણ












કમલમ્,

વડાપ્રધાનશ્રીના ‘આત્મનિર્ભર ભારત’ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અનેકવિધ નવા સ્વદેશી પ્રકલ્પો શરૂ કરવામાં આવ્યા છે. ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજી બાવળીયાના નેતૃત્વમાં ‘આત્મનિર્ભર ભારત’ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાતના ૩૧ જિલ્લાઓમાં તાજેતરમાં આયોજિત સશક્ત નારી મેળાએ સ્વદેશીની સાથેસાથે મહિલા સશક્તીકરણને પણ ઉજાગરકરી છે. આ જિલ્લાઓમાં આયોજિત નારી મેળા દ્વારા રૂ. ૪.૧૦ કરોડની કિંમતની સ્વદેશી ઉત્પાદનોનું વેચાણ કરીને ‘વન ડિસ્ટ્રીક્ટ, વન પ્રોડક્ટ’ યોજનાને નવી દિશા આપી છે. રાજ્યના ગ્રામ વિકાસ વિભાગ અંતર્ગત ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડ-GLPC દ્વારા ગત તા. ૧૮ થી ૨૩ ડિસેમ્બર-૨૦૨૫ દરમિયાન રાજ્યના ૩૧ જિલ્લાઓમાં ૩ થી ૫ દિવસ સુધી નારી મેળાનું સફળ આયોજન કરીને ‘વન ડિસ્ટ્રીક્ટ, વન પ્રોડક્ટ’ યોજના અંતર્ગત દરેક જિલ્લાની વિશિષ્ટ ઓળખ એક જ છત નીચે ઉપલબ્ધ કરાવી છે. આ નારી મેળા દ્વારા વિવિધ જિલ્લાઓમાં કુલ ૨,૩૦૦થી વધુ સ્ટોલની અંદાજે પાંચ લાખથી વધુ ભાઈ-બહેનોએ મુલાકાત કરીને વિવિધ ઉત્પાદનોની ખરીદી કરી છે. ‘સશક્ત નારીથી આત્મનિર્ભરતા તરફ’ રાજ્ય સરકારના અભિયાનને વ્યાપક ગતિ આપવા સ્વદેશી ઉત્પાદનોના પ્રોત્સાહન સાથે “સશક્ત નારી”ના સંકલ્પને ઉજાગર કરતો પ્રથમ મેળો બનાસકાંઠાના પાલનપુર ખાતે તા. ૧૧ ડિસેમ્બર-૨૦૨૫ના રોજ યોજાયો હતો, જેનો રાજ્યવ્યાપી શુભારંભ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કરાવ્યો હતો. આ મેળામાં રાજ્ય સરકારના વિવિધ વિભાગો જેવા કે, કૃષિ, સહકાર, કુટીર ઉદ્યોગ, વન અને પર્યાવરણ તેમજ મહિલા આર્થિક વિકાસ નિગમ સહિત જિલ્લા વહીવટ તંત્રએ સહભાગી થઈને મહત્વની ભૂમિકા ભજવી હતી. આ મેળાએ રાજ્યભરની મહિલાઓને તેમની હસ્તકળા, હેન્ડલૂમ, પરંપરાગત ખાદ્યપદાર્થો, પ્રાકૃતિક ઉત્પાદનો અને સ્વદેશી ઉત્પાદનોના પ્રદર્શન તથા વેચાણ માટે સશક્ત બજાર પૂરું પાડ્યું છે. સશક્ત નારી મેળા એ માત્ર વેપાર મેળો નથી, પરંતુ ગ્રામીણ મહિલાઓની મહેનત, આત્મવિશ્વાસઅનેઆત્મનિર્ભરતાનું જીવંત પ્રતિબિંબ છે. મેળામાં ભાગ લેનાર બહેનો આજે માત્ર ઉત્પાદક નહીં, પરંતુ વડાપ્રધાનશ્રીના ‘લોકલ ફોર વોકલ’ અને ‘હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી’ના વિચારને જમીનીસ્તર પર મૂર્તિમંત કરી રહી છે. આ સશક્ત નારી મેળામાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી સ્વ સહાય જૂથો, મહિલા ઉદ્યોગ સાહસિકો દ્વારા તૈયાર કરાયેલા હસ્તકળાના વિવિધ નમૂનાઓમાં ભરતકામ, હેન્ડલૂમ, ઝરીકામ, ખાદ્ય પદાર્થો અને પારંપરિક નાસ્તાઓ તથા ઓર્ગેનિક ઉત્પાદનોની વિશાળ શ્રેણીઓ સહિતના ઉત્પાદનોને મુલાકાતીઓનો દ્વારા અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. ‘વન ડિસ્ટ્રીક્ટ વન પ્રોડક્ટ’ યોજના અંતર્ગત દરેક જિલ્લાની વિશિષ્ટ ઓળખ એક જ છત નીચે જોવા મળી, જેના પરિણામે મેળો સાંસ્કૃતિક વૈવિધ્યનો ઉત્સવ પણ બની રહ્યો હતો. સશક્ત નારી મેળાના માધ્યમથી મહિલાઓ દ્વારા ઉત્પાદિત સ્વદેશી વસ્તુઓને એજન્ટ તેમજ સ્થળાંતર વિના સીધા ગ્રાહકો સુધી પહોંચવાની તક મળી છે જેના પરિણામે તેમને વધુ આવકની સાથે પ્રોત્સાહન પણ મળ્યું છે. વધુમાં, સશક્ત નારી મેળાના આયોજન દરમિયાન જ રાજ્ય સરકાર તરફથી ખાતરી આપવામાં આવી છે કે, આગામી સમયમાં આવા વધુને વધુ મેળાઓનું આયોજન, ઉત્પાદનોને ઓનલાઈન પ્લેટફોર્મ સાથે જોડાણ તથા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચ માટે જરૂરી સહાય ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમ, રાજ્યના ગ્રામ વિકાસ વિભાગની યાદીમાં જણાવાયું છે.





# રોજગાર અને તાલીમ નિયામક કચેરીના નવીનીકરણ બાદ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે કરાયું ઉદ્ઘાટન

કમલમ્,

રોજગાર અને તાલીમ નિયામક કચેરીના નવીનીકરણ બાદ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે ગાંધીનગર ખાતે ડો. જીવરાજ મહેતા ભવનના બ્લોક નં. ૧ના ત્રીજા માળે નવીન કચેરીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય મંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયાની વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા. મંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોની હાજરીમાં આઈ.ટી.આઈ. ધોલેરા સાથે ATA IIS અને ATA Semiconductor Manufacturing Private Limited દ્વારા Ultra High Purtiy Welding Trainingના પ્રોગ્રામ શરૂ કરાવા પરસ્પર સમજૂતી કરાર-MOU કરવામાં આવ્યા હતા. આ ઉદ્ઘાટન પ્રસંગે મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, આશરે ૬ હજાર ચોરસ ફૂટ વિસ્તારમાં સંપૂર્ણ આધુનિકીકરણ સાથેની આ કચેરીમાં કર્મયોગીઓ માટે સ્વચ્છતા તેમજ હવા ઉજાસ જળવાઈ રહે તેવી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

આ ઉપરાંત હાઈસ્પીડ ઈન્ટરનેટ સુવિધા, ઉચ્ચ ગુણવત્તાની લાઈટિંગ સિસ્ટમ, કર્મચારીઓ તથા મહેમાનો માટે રિફ્રેશમેન્ટ રૂમ, અધિકારીઓ માટે ૧૪ ઓફિસ, કર્મચારીઓ માટે ૪૮ વર્ક-સ્પેસ તેમજ મહત્વપૂર્ણ દસ્તાવેજો માટે સુવ્યવસ્થિત સ્ટોરેજ સુવિધા પણ અહીં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ કચેરીના નવીનીકરણથી રાજ્યના યુવાનોને રોજગાર અને કૌશલ્ય વિકાસ સંબંધિત સેવાઓ વધુ ઝડપી તેમજ અસરકારક રીતે આપી શકાશે.



આ ઉપરાંત અધિકારીઓ-કર્મચારીઓની કાર્યદક્ષતામાં વધારો થશે તેમજ રાજ્યમાં વ્યવસાયલક્ષી તાલીમની યોજનાઓના અમલીકરણને વધુ વેગ મળશે. આ પ્રસંગે રાજ્ય મંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયાએ કહ્યું હતું કે, વિવિધ ઉદ્યોગો અને સેવાક્ષેત્રને લગતી જુદા જુદા ક્ષેત્રે વિકસતી જતી ટેકનોલોજી આધારિત વ્યવસાયલક્ષી તાલીમ પૂરી પાડી કુશળ માનવબળ તૈયાર કરી રોજગારી-સ્વ રોજગારી મેળવવામાં સહાયભૂત થવા નિયામકશ્રી રોજગાર અને તાલીમની કચેરી સતત કાર્યરત છે. રાજ્ય મંત્રી શ્રી અમૃતિયાએ ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર ગુણવત્તાયુકત સેવા અને માનવ સંશાધન વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત કરી રહી છે. જે અંતર્ગત આજે કરવામાં આવેલા સમજૂતી કરારથી આઈ.ટી.આઈ. ધોલેરા દેશની પ્રથમ Semiconductor Ready આઈ.ટી.આઈ. તરીકે વિકસિત થશે અને Semiconductor ક્ષેત્રમાં કુશળ માનવબળ તૈયાર કરવાની કામગીરીને વેગ મળશે. આ પ્રસંગે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર સચિવ શ્રી લોચન સહેરા, રોજગાર અને તાલીમ નિયામક શ્રી કે.ડી.લાખાણી, કૌશલ્ય અને વિકાસ નિયામક શ્રી કે.જે.રાઠોડ સહિત કચેરીના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જમ્મુકાશ્મીરના ઉપરાજ્યપાલશ્રી મનોજસિન્હાની રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સાથે લોકભવન ખાતે શુભેચ્છા મુલાકાત



કમલમ્,

ગુજરાત પ્રવાસે આવેલા જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલશ્રી મનોજ સિન્હાએ ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉપરાજ્યપાલશ્રી મનોજ સિન્હાનું લોકભવન ખાતે પુષ્પગુચ્છથી સ્વાગત તેમજ શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. શુભેચ્છા મુલાકાત દરમ્યાન રાજ્યપાલશ્રીએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન હેઠળ ગુજરાતમાં થઈ રહેલા વિવિધ કાર્યો તેમજ નવી પહેલો અંગે વિગતે ચર્ચા કરી હતી. રાજ્યપાલશ્રીએ જળ, જમીન અને વાયુના સંરક્ષણમાં પ્રાકૃતિક કૃષિની જરૂરિયાત અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. ઉપરાજ્યપાલશ્રીએ રાજ્યપાલશ્રી દ્વારા પ્રાકૃતિક કૃષિના જનજાગૃતિ અભિયાનને બિરદાવીને સમગ્ર દેશમાં વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉપરાંત રાજ્યમાં સામાજિક, શૈક્ષણિક તેમજ કાયદો અને વ્યવસ્થા જેવા વિવિધ વિષયો પર પણ ચર્ચાઓ થઈ હતી.






•Printer/Publisher/Owner &Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L801/1, Gidc, Sector -28, Gandhinagar •Published -At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028